## વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી

# માહિતી પુસ્તિકા




**કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ,**

**આણંદ કૃષિ યુનિવર્સિટી,**

દાહોદ રોડ, ધોળા કૂવા, ગોધરા-૩૮૯ ૦૦૧

# વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી

કૃષિ કાર્યો માટે મજુરોની ખોટ પડી રહી છે જેથી સમયસર ખેતીના કામકાજ પૂરા ના થવાથી ઉત્પાદન ઉપર માઠી અસર પડી રહેલ છે. અને ખેતીની આવક ઓછી થઈ રહેલ છે.એવા સંજોગોમાં કૃષિ કાર્યો યાંત્રીકીકરણ કર્યા સિવાય છુટકો નથી. કૃષિ યાંત્રિકીકરણ અપનાવતા કૃષિ ઓજારોના રખરખાવ અને ઉત્પાદન ગ્રામીણ સ્તરે કરવા માટે ઉપરોકત વોકેશનલ કોર્સનું આયોજન કરવામાં આવે છે. કૃષિ માટે વરસાદના પાણીનું ધણુજ મહત્વ છે. આથી પાણીનું રક્ષણ અને સારી રીતે તેનો સંચય અને ઉપયોગ કરી ખેતીની આવક વધારી શકાય.

**(૧) ઉદેશ:** ભવિષ્યમાં કૃષિ ક્ષેત્રે યાંત્રિકીકરણ અને વરસાદ ના પાણી ના આયોજન ને જોતા રોજગારી ની વિપુલ તકો રહેલી છે તે માટે કુશળ (સ્કીલ્ડ) વ્યકિતઓ તૈયાર કરવા માટે.

**(૨) સ્થળ:** કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ આણંદ કૃષિ યુનિવસર્સિટિ, ગોધરા.

**(૩) શિક્ષણ અને અભ્યાસક્રમ:** વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી નો **તાલીમ ૬ માસ નો** પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવવામાં આવશે.

**(૪) અરજી ફોર્મ:-**

(અ) અરજી પત્રક અને સુચિપત્ર રૂબરૂમાં રૂ! ૫૦/- રોકડાથી મળી જશે. અથવા ઉમેદવાર યુનિવર્સિટીની વેબસાઈટ(www.aau.in) પરથી અરજી પત્રક ડાઉનલોડ કરીને જરૂરી વિગતો ભર્યા બાદ અત્રેની કચેરીમાં રૂ! ૫૦/- રોકડા સાથે જમા કરી શકશે.

(બ) અરજી ફોર્મ સાથે ઉમેદવારે લાયકાત ધરાવતા ગુણપત્રકોની પ્રમાણિત નકલ(બે), ઉંમરના પુરાવા માટે શાળા છોડયાના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ જમા કરાવવાની રહેશે.

(ક) ઉમેદવારે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષાણિક વર્ગના (બક્ષી પંચ) હોય તો તેવી જાતિ સબબના જે તે તાલુકાના મામલતદાર / સમાજ કલ્યાણ અધિકારી /સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ જમા કરાવવાની રહેશે.

(ડ) સામાજીક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગની ૨૭ % બેઠકોમાં ઉન્નત વર્ગોમાં સમાવેશ થાય તેવા તે મતલબનું સરકારના સક્ષમ અધિકારીશ્રીનુ સંલગ્ન વર્ષના નોન ક્રિમિલિયર પ્રમાણપત્રોની નકલ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

**(૫) પ્રવેશ:-** વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી માં પ્રવેશ અંગેની જરુરી વિગતો નીચે મુંજબ છે.

**(અ) શૈક્ષાણિક લાયકાત:-** વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજીમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે ઓછામાં ઓછી ધોરણ -૧૦ પાસ ઉપરાંત નીચે દર્શાવેલ વધારાની લાયકાત ધરાવતા ઉમેદવારને પ્રવેશ માટે તેની સામે જણાવ્યા મુજબ ભારાંક(વેઈટેજ) આપવામાં આવશે. અન્ય અભ્યાસને પ્રવેશ યાદી બનાવવામાં ધ્યાનમાં લેવાશે નહી.

| **ક્રમ** | **વધારાની શૈક્ષાણિક લાયકાત** | **ભારાંક (વેઈટેજ)** |
|---|---|---|
| ૧ | ધોરણ:૧૨ પાસ | ૪% |
| ૨ | આઈ.ટી.આઈ. પાસ | ૫% |
| ૩ | ડીપ્લોમા એન્જીન્યરીંગ | ૬% |

**(બ) ઉંમર:-** પ્રવેશ મેળવવા ઈચ્છતાં ઉમેદવારની ઉંમર સત્ર શરુ થવાના દિવસે ૧૫ થી ૪૦ વર્ષ સુધીની હોવી જોઈએ.

**(ક) અનામત:-**

(૧) પ્રવેશ માટે અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, તથા સામાજીક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગ(બક્ષી પંચ) ઉમેદવારો માટે પ્રવર્તમાન નીતિ નિયમો અનુસાર ૭%, ૧૫%, તથા ૨૭% બેઠકો અનામત રાખવામાં આવશે. આ અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવાર નહિ મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી (જનરલ મેરીટ લીસ્ટ) ક્રમાનુસાર ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે.

(૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગ(બક્ષીપંચ)ના ઉમેદવારોએ અનામત જગ્યા પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેનુ તાલુકા અને મામલતદાર /જિલ્લા સામાજિક કલ્યાણ અધિકારી /સક્ષામ અધિકારી ને પ્રમાણપત્રો ની પ્રમાણિત નકલ અરજી ફોર્મ સાથે રજુ કરવાની રહેશે.

(૩) સામજિક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગના ૨૭% બેઠકોમાં ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય તેવા સામાજિક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે બાબતનું સરકારના સક્ષમ અધિકારીશ્રી નું સંલગ્ન (ચાલુ ) વર્ષનું નોન ક્રિમીલીયર પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

**(ડ) રૂબરૂ મુલાકાત** - પ્રવેશ મેળવવા માટે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા ની કચેરીને મળેલ અરજીઓ પૈકી માન્ય અરજીઓવાળા ઉમેદવારોને યોગ્યતાના ધોરણે સ્વખર્ચે મુલાકાતમાટે બોલાવવામાં આવશે . ઈન્ટરવ્યુ ના દિવસે હાજર રહેલ ઉમેદવારોની રૂબરૂ મુલાકાત, પસંદગી સમિતી ધ્વારા લેવામાં આવશે જેમાં પસંદ થયેલ ઉમેદવારોને પ્રવેશ અપાશે. કૃ.ઈ.ટે.કો, ગોધરાની કચેરીમાં પ્રવેશ ફી ની રકમ તરત જ ભરવાની રહેશે.

(ઈ) કોર્ષનું સુચારું આયોજન થાય તથા અસરકારક રીતે ચલાવવા માટે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ જરૂરી હોવો જોઈએ.

**(૬) પ્રવેશની ક્ષમતા:-** કોર્ષમાં ૩૦ બેઠકો ભરવામાં આવશે.

**(૭) કોર્ષની ભાષાનું માધ્યમ:-** ગુજરાતી

(૮) ધોરણ-૧૦ ગુજરાત રાજ્યની શાળા/બોર્ડમાંથી પાસ કરેલ હોવું જરૂરી છે.

(૯) શારીરિક રીતે વિકલાંગ હોય એવા ઉમેદવારોને પ્રવેશ આપવો કે ન આપવો તેનો નિર્ણય પ્રવેશ સમિતિ કરી શકશે અને સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**પ્રવેશ આપવા માટે ઉમેદવારો ની પસંદગી કરવા માટે નીચે મુજબની પસંદગી સમિતી રહેશે.**

| | | |
|---|---|---|
| ૧. | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી આ કૃ યુ, આણંદ | અધ્યક્ષ |
| ૨. | આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, કૃઈટેકો, ગોધરા | સભ્ય |
| ૩ | પ્રાધ્યાપક અને વડાશ્રી એફ.એમ.પી.ઈ વિભાગ | સભ્ય |
| ૪ | એકેડમિક ઇન્ચાર્જ (યુ.જી) | સભ્ય |
| ૫ | કોર્ષ ઇન્ચાર્જ એસ.ડબલ્યુ.સી.ઈ | સભ્ય |
| ૬ | કોર્ષ ઇન્ચાર્જ એફ.એમ.પી.ઈ | સભ્ય સચિવ |

રૂબરૂ મુલાકાત માટે બોલાવેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાત વખતે અરજી ફોર્મમાં જણાવ્યા મુજબ અસલ પ્રમાણપત્રો/માર્કશીટ રજુ કરવાનું રહેશે.

**(૧૦) કોશન મની/ફી/અનામતની રકમ:-**

| | | |
|---|---|---|
| ૧. | કોશન મની (અનામત)* | ૧૦૦/- |
| ૨ | ઓળખ પત્ર ફી | ૫૦/- |
| ૩ | ગુણ પત્રક ફી | ૫૦/- |
| ૪ | પ્રમાણ પત્ર ફી | ૫૦/- |
| ૫ | પ્રયોગ શાળા ફી | ૫૦/- |
| ૬ | છાત્રાલય અનામત* | ૧૦૦/- |
| | **કુલ ફી** | **૪૦૦/-** |

* સદર અનામતની રકમ કોર્ષ પુર્ણ થયા બાદ તાલિમાર્થી “ફી રસીદ”બતાવીને કોલેજમાંથી પરત મેળવી શક્શે .

છાત્રાલય માટેની ફી (ગૃહપતિ દ્વારા નિર્ધારિત કરેલ) જ્યારે કોલેજખાતે હોસ્ટેલની સગવડ હોય અને તાલીમાર્થી હોસ્ટેલમાં રહેવા માટે ઈચ્છુક હોય ત્યારે લેવામાં આવશે.

**(૧૧) હાજરીના નિયમો:-**

(અ) તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી જરૂરી રહેશે.

(બ) માંદગી સબબ તાલીમાર્થી ૮૦ ટકા હાજરી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી માંદગી સબબનું તજજ્ઞ તબીબ(રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસ્નર)નું પ્રમાણપત્ર તાલીમ કેન્દ્રને રજુ કરે તો ૫ ટકા સુધીની ખૂટતી હાજરીમાં છૂટછાટ તાલીમ કેન્દ્રના વડાશ્રી આપી શકશે. જ્યારે આ સબબની ૫ ટકાથી વધુ પરંતુ ૧૦ ટકા ગેરહાજર હોય તેવા કિસ્સામાં તાલીમ કેન્દ્રના વડાશ્રીએ માંદગીની વાસ્તવિકતા ચકાસીને તે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા દેવા/ ન દેવાની સ્પષ્ટ ભલામણ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને કરવાની રહેશે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને આવા કિસ્સાઓમાં તાલીમાર્થીને પરીક્ષામાં બેસવા દેવા/ન દેવાની મંજૂરી આપવાની સંપૂર્ણ સત્તા રહેશે.

**(૧૨) સામાન્ય નિયમો**:

(અ) પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારે સરકાર માન્ય તબીબ પાસેથી શારીરિક સક્ષમતાનું પ્રમાણપત્ર એક અઠવાડિયામાં રજૂ કરવાનું રહેશે.

(બ) કોઈ પણ તાલીમાર્થી બીમારી કે ચેપી રોગનો ભોગ બનેલ હોય તો ડોકટરી પ્રમાણપત્ર સિવાય વર્ગમાં હાજરી આપી શકાશે નહિ.

(ક) તાલીમાર્થી એ નિયમિત સમયપત્રકમાં હાજરી આપવાની રહેશે. અભ્યાસ દરમ્યાન નિયત પરિક્ષાઓ નિયત સમયે આપવાની રહેશે.

(ડ) તાલીમ દરમ્યાન કોઈ અંગત મિલકત ગુમ થવા અંગે કે કોઈપણ અકસ્માતની જવાબદારી તાલીમાર્થીની પોતાની રહેશે.

(ઈ) જો કોઈ તાલીમાર્થી તાલીમ દરમ્યાન યુનિવર્સિટિની માલ મિલકતને નુકશાન કરશે તો તે જે તે તાલીમાર્થી પાસેથી વસુલાત કરવામાં આવશે.

(ફ) પ્રવેશ મેળવેલ તાલીમાર્થીને કેન્દ્રમાંથી ઓળખપત્ર આપવામાં આવશે. જે તાલીમ દરમ્યાન જરુર પડે સંબંધિત અધિકારીને બતાવવાનું રહેશે.

(ગ) યુનિવર્સિટિએ નકકી કરેલ શિસ્તના બધાજ નિયમોનું તાલીમાર્થીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.અને તેમાં વખતોવખત ફેરફાર કરવામાં આવે તો તે તાલીમાર્થી ને બંધન કરતા રહેશે.

| | |
|---|---|
|  |  |
|  |  |
|  |  |
|  |  |